Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-11, Issue-2(September, 2017)

**IMPACT FACTOR:3.021**

**PP:198to206**

# મહિલાઓના ઉત્કર્ષમાં સરદાર પટેલની ભૂમિકા

**ડો. વસંત પટેલ**

આસિસ્ટન્ટ પ્રોફેસર, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપાર્ટમેન્ટ ઓફ હિસ્ટ્રી,

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-388120 મો. નં.9624556654

"સ્વરાજય આવશે ત્યારે સ્ત્રીઓના પ્રશ્નોનો ઉકેલ થઇ જશે એ માન્યતા બારાબર નથી. ખરી વાત તો એ છે કે સ્ત્રીઓને પદભ્રષ્ટ કરવામાં આવી છે. તેમને યોગ્ય સ્થાને બેસાડવામાં આવશે ત્યારે સ્વરાજ્ય મળશે."[1]

આવો ઉમદા વિચાર વ્યકત કરનાર સરદાર વલ્લભભાઇ પટેલનું યોગદાન સ્ત્રીઓને ગુલામ બનાવનારા રિવાજો અને રૂઢિઓને સમાપ્ત કરીને સ્ત્રી પુરુષની સમાનતા માટે તથા મહિલાઓની સ્થિતિ સુધારવામાં મહત્વનું રહ્યું છે.

ઓગણીસમી સદીમાં સામાજિક નવચેતના અને રાષ્ટીય જાગરણનો યુગ શરૂ થયો. એ સમયે પ્રવર્તમાન રીવાજો અને પરંપરાની વિરુદ્ધમાં ટીકા કરવી, બોલવું આસાન નહોતું. એમાંય ખાસ કરીને નારીના અધિકારો માટે લડવું એ તો સામા પૂરે તરવા જેવું અઘરું કામ હતું. આ કપરા સંજોગોમાં જે સુધારકો આગળ આવ્યા એમાં રાજા રામમોહનરાય, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર બેહરામજી મલબારી, મહાદેવ ગોંવિદ રાનેડ, મહર્ષિ કર્વે, દુર્ગારામ મહેતા, નર્મદાશંકર, કવિ દલપતરામ, કરસનદાસ મૂળજી વિગેરે વિચારકો અને સુધારકોએ સતીપ્રથા અને એના જેવી અનેક નારી શોષક રૂઢિઓ અને રિવાજોને ખતમ કરવાની દિશામાં સનિષ્ઠ પ્રયાસ કર્યા.[2] સ્ત્રી કેળવણીની શરૂઆત થઇ. રાનડે, વિદ્યાસાગર, કર્વે, દલપતરામના પ્રયત્નો અને એનીબેંસટ દ્વારા શિક્ષણ સંસ્થાઓ શરૂ થઇ. પ્રગતિશીલ સયાજીરાવે વડોદરામાં કન્યા શિક્ષણ માટે એમના રાજયમાં શાળાઓ શરૂ કરાવી.

1857 પછી પરિસ્થિતિ બદલાતી ગઇ. પૂનામાં સાર્વજનિક સભા અને બંગાળમાં ઇંડિયન

એસોસીએશનની સ્થાપનાનો ઉદ્દેશ જાગૃત નાગરીકોને સંગઠિત કરવાનો હતો. બુદ્ધિજીવીઓ અને કાર્યકર્તાઓ રાષ્ટ્રની પ્રગતિ માટે ચર્ચા વિચારણા કરવા માટે મંચ પર એકઠા થાય એ હેતુથી 1885માં ઉદારમતવાદી અંગ્રેજ એ. ઓ હ્યુમના પ્રયત્નોથી અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઇ. શરૂઆતમાં જ એવું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું કે ભારતીય મહાસભા-કોંગ્રેસ એકમાત્ર રાજકીય સંસ્થા છે, જેમાં સામાજિક સુધારાઓ માટે કોઇ અવકાશ નથી.

આવા સીમિત વલણને કારણે મહાદેવ ગોંવિદ રાનડેએ સામાજિક પ્રશ્નોના ઉકેલ અને ચર્ચા- વિચારણા માટે ઇંડિયન નેશનલ સોશ્યલકૉંગ્રેસની સ્થાપના 1887માં કરી. 10 વર્ષ પછી કોંગ્રેસની સ્થિતિ બદલાઇ. 1895માં સુરેન્દ્રનાથ બેનરજીએ જણાવ્યું કે, 'આપણે આપણી સ્ત્રીઓને સ્નેહ કે માન આપીએ પણ હજી સુધી એવું માનતા નથી કે તેઓ યોગ્ય પ્રતિનિધિત્વ કરવાને લાયક છે.'[3] આશ્ચર્યની વાત તો એ છે કે ભારતમાં 1854 થી 1882 સુધીમાં અનેક વિશ્વવિદ્યાલયોની સ્થાપના થઇ હોવા છતાંય 1875માં બેલગામના પોસ્ટમાસ્તર ખુરશેદજીની દીકરીને મેટ્રિકની પરીક્ષામાં બેસવાની સંમતિ મુંબઇ વિશ્વવિદ્યાલયે આપી નહીં. કલકતા વિશ્વવિદ્યાલયની સિંડીકેટે પણ ટેકનીકલ કારણસર સંમતિ આપી નહિં. આ અંતરા દૂર થયો 1877માં 1882 થી 1900 સુધીમાં કાદંબિની બોઝ અને ચંદ્રમુખી બસુ કલકત્તાથી, કાર્નેલીયા સોરાબાજી મુંબઇથી, ગુજરાતમાંથી 1900ના વર્ષ સુધીમાં વિદ્યાગૌરી અને શારદાબેન પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ થાયા.[4] આપણે સૌ વિદ્યાગૌરી અને શારદાબેન ગુજરાતમાંથી પ્રથમ સ્નાતક થયા તે જાણીએ છીએ પરંતુ ગુજરાતના જ પંચમહાલ જિલ્લાના લુણાવાડા જેવા અંતરીયાળ વિસ્તારમાં બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા કૃષ્ણાગૌરી હીરાલાલ રાવળની સ્ત્રી ઉત્કર્ષની પ્રવૃતિથી અજાણ છીએ. કૃષ્ણાગૌરી એ બાળલગ્ન અને વૈધવ્ય અંગેના લેખ હિતચ્છુના તા. 22-4-1897ના અંકનાં પ્રગટ કર્યા. તેમણે સ્ત્રીઓની સ્થિતિ સુધારવાની હિમાયત કરી છે કૃષ્ણાગૌરીએ તેમની નવલકથા 'સદગુણી હેમંતકુમારી : સંસારસુધારાની વાર્તા લખતા પહેલા સારું એવું સંશોધન કર્યું છે, તેમણે ગુજરાતના ગ્રામજીવનમાં રહીને સમાજસુધારો કરનાર અને સૌ પ્રથમ ગુજરાતી મહિલા નવલકથાકારનું બહુંમાન પ્રાપ્ત કર્યું છે. તેમની આ નવલકથા 1899માં પ્રસિદ્ધ થઇ'[5]

અને હવે ભારતીય રાજકારણ અને સમાજ કારણમાં મહત્વનું પરિવર્તન આવ્યું 1915માં મોહનદાસ કરમચંદ ગાંધી ભારત આવ્યા. એ પહંલાં દક્ષિણ આફ્રિકામાં એમણે અહિંસાત્મક સત્યાગ્રહની નવી પ્રદ્ધતિથી અંગ્રેજ સરકારની સામે આંદોલન ઊભું કરીને હિન્દીઓને ન્યાય

અપાવ્યો. આ એક મોટી ઐતિહાસિક ઘટના હતી. વિશેષતા બે વાતની : 1. લડતમાં પાળવામાં આવેલી અણીશુદ્ધ અંહિસા અને 2. જાહેરજીવનમાં મહિલાઓનો પ્રવેશ

પરદેશમાં પહેલી વખત સત્યાગ્રહ કરીને મહિલાઓ જેલમાં થઇ. ભારતના ઉદારમતવાદી બુદ્ધિજીવીઓ પર આ ઘટનાનો ભારે પ્રભાવ પડયો. ફિરોજશાહ મહેતા જેમણે 1901માં ગાંધીજીને સલાહ આપેલી કે જયાં સુધી ભારત સ્વતંત્રતા ના મેળવે ત્યાં સુધી દરિયાપારના હિન્દીઓની સમસ્યા માટે કશું થઇ શકે નહીં અને એવું પણ જણાવ્યું કે ગાંધીએ દક્ષિણ આફ્રિકા જવાની જરૂર નથી. પરંતુ મહિલાઓના જેલમાં ગયાના સમાચાર જાણ્યા પછી ફિરોઝશાહ મુંબઇ ટાઉનહોલની સભામાં જણાવ્યું કે આ સમાચાર જાણીને એમનું લોહી ઉકળી ઉઠયું છે. ભારત ચૂપ રહી શકે નહી.[6]

આ દેશમાં ગાંધીજીએ દેશના ઉત્થાન માટે જે પ્રવૃત્તિ હાથ ધરી તેમાં સ્ત્રી ઉન્નતિ પણ એક હતી. જીવનના એક એક ક્ષેત્રમાં સ્ત્રીઓ પુરુષોની સાથે સમાનભાવે ગૌરવપૂર્ણ ઊભી રહી શકે તે માટે કોંગ્રેસીઓને કર્તવ્યનું ભાન કરાવ્યું. મહાસભાવાદીઓના મનમાં હજી એમ સ્પષ્ટ સૂઝયું નથી કે સ્વરાજય માટેની લડતમાં સ્ત્રીઓ સરખી ભાગીદાર બનેલી છે. જે કાયદા અને રૂઢિઓ પુરુષે ઘડેલા હતા અને જે ઘડવામાં સ્ત્રીઓના હાથ બિલકુલ ન હતા તે રૂઢિઓ અને કાયદા તળે સ્ત્રીઓને કચડવામાં આવી છે. સ્ત્રીઓ પોતે પુરુષોની દાસી છે એમ માનવાનું શિક્ષણ આટલો કાળ અપાયું છે. સ્ત્રીઓને તેમના પૂરા દરજ્જાનું ભાન થાય ને તેઓ પુરુષોની સમોવડી તરીકે પોતાનો ભાગ ભજવી શકે એ શકિત સ્ત્રીઓમાં ઉત્પન્ન કરવી એ મહાસભાવાદીઓનું કર્તવ્ય છે.[7] સમાજના ઉપેક્ષિત અને પીડિત વર્ગોના ઉત્થાન માટેના કાર્યને ગાંધીજીએ પ્રાથમિકતા આપી.

ગાંધીજીના વિચારોથી પ્રેરાઇને દેશભરના અનેક સામાજિક અને રાજકીય કાર્યકર્તાઓ તથા બુદ્ધિજીવીઓ ગાંધીજી સાથે જોડાતા ગયા. વલ્લભભાઇએ કબૂલ્યું છે કે સન 1915-16માં પોતે ચાલીસમું વરસ વટાવી રહ્યા હતા. ત્યારે ગાંધી સંખ્યાબંધ તેજસ્વી બુદ્ધિવંત યુવાનોને પોતાના તરફ ખેંચી રહ્યા હતા. તે હકીકતથી તેમને પારાવાર આશ્ચર્ય થયું હતું.[8] 1917ના એપ્રિલમાં બિહારના ચંપારણ જિલ્લામાં ગાંધીજીને જિલ્લો છોડી જવાનો હૂકમ મેજિસ્ટ્રેટ કર્યો. ગાંધીજીએ આ હૂકમનો અમલ કરવાનો ઇન્કાર કર્યો. ગુજરાત સભાના નેતાઓએ આ બહાદૂરીની નોંધ લીધી. ગુજરાતસભાના પ્રમુખ ગાંધીજીને બનાવવાના નિર્ણયને વલ્લભભાઇએ પણ સંમતિ આપી. ગાંધીજી પ્રત્યેનો વલ્લભભાઇનો તિરસ્કાર અને તૂચ્છકાર નાબૂદ થયો.[9]

ગાંધીજી સાથે જોડાયા પછી વલ્લભભાઇના કાર્યક્ષેત્રનો વિસ્તાર વધતો ગયો. વલ્લભભાઇને લાગ્યું કે જાહેરકામ કરવું જ જોઇએ અને તો જ લોકો કેળવાય. લોકસેવાનું કામ મ્યુનિસિપાલિટી દ્વારા થઇ શકે. 1917 થી 1950 સુધીના જાહેરજીવનમાં રાજકીય ને સામાજિકક્ષેત્રમાં વલ્લભભાઇએ અનેક કાર્યો કર્યા. મહિલાઓના સશકિતકરણ માટે પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સરદાર પટેલનું કામ ઉલ્લેખનીય છે. તેઓ દઢપણે માનતા હતા કે જયાં સુધી નારીને યોગ્ય સ્થાન મોભો ન મળે ત્યાં સુધી સમાજ આગળ વધી શકે નહિ. અંગ્રેજી શિક્ષણ મેળવવાને કારણે સામજિક સમસ્યાઓના સંદર્ભમાં એમનું વલણ સકારાત્મક રહ્યું.

વલ્લભભાઇ જયારે બેરીસ્ટરનો અભ્યાસ કરવા લંડન ગયા ત્યારે યાતનાપૂર્ણ સ્થિતિ ભોગવી રહેલી એક મહિલાને બચાવાનું જે કામ કરેલું  તેનું વર્ણન મણિબહેન પટેલના શબ્દોમાં જોઇએ-લંડનમાં તેઓ જેને ત્યાં ભાડે રહેવા ગયેલા ત્યાં રોજ ભોંયરામાંથી કોઇ બાઇની કિકિયારીઓ સંભળાય. એક દિવસ ઘરની માલિકણ બાઇ બહાર ગઇ હતી. ત્યાંની સફાઇ કરનાર બહેનને સરદારે પૂછયુ કે આ ચીસો રોજ કોની સંભળાય છે ? પેલી બહેન કહે, મારૂં નામ ન દેશો, પણ નીચે ભોંયરામાં આ મકાનના માલિકની બહેનને પૂરી છે અને આ બાઇ તેની મિલકત પડાવી લેવા માગે છે એટલે એ બહેન ચીસો પાડે છે. સરદાર ચોવીસ કલાકમાં એ મકાન છોડી બીજે રહેવા ચાલ્યા ગયા. કોર્ટમાં તેમણે તે અંગે ફરિયાદ કરી ભારે Sensational Case થયેલો. આ બહેનને સજા થયેલી[10] વિદેશમાં એક નારીને મુસીબતમાંથી છૂટકારો અપાવી વલ્લભભાઇએ ન્યાય અપાવ્યો.

મે 1917માં મ્યુનિસિપાલિટીમાં વલ્લભભાઇ બિનહરીફ ચૂટાયા. નવેમ્બર 3,4,5, 1917માં ગાંધીજીના પ્રમુખસ્થાને ગોધરામાં રાજકીય પરિષદ મળી 23 સભ્યોના કાર્યવાહક મંડળમાં પ્રમુખ તરીકે ગાંધીજી અને મંત્રીઓ તરીકે વલ્લભભાઇ પટેલ, હરિભાઇ અમીન અને ઇન્દુલાલ યાજ્ઞિકની નિયુકિત થઇ.[11] આ રાજકીય પરિષદની સાથે સંસારસુધારા પરિષદ પણ સાથે જ ભરવામાં આવેલી. સંસારસુધારની ચર્ચામાં વલ્લભભાઇએ પૂરો રસ લીધો. ગાંધીજીની દરખાસ્તથી આ પરિષદનું પ્રમુખ સ્થાન શારદાબહેન મહેતાએ શોભાવ્યું. સ્ત્રીઓની પરાધીન અને હિન દશા માટે શારદાબહેને કેળવાયેલા પુરુષોની સામે તહોમતનામું પોકાર્યું.[12] તેમના જુસ્સાવાદી બોલ જેટલા ખરાવાદી હતા એટલા જ સર્વને ચાનકરૂપ પણ હતા.

21મી સદીની આજની તારીખમાં પણ સ્ત્રીઓને 33%  અનામત બેઠકો મળવી જોઇએ, એ વિષેનો નિર્ણય ભારતીય સંસદે કર્યો નથી. પગારધોરણ અને ભાડા-ભથ્થાનો વધારે વિના

વિલંબે સર્વ સહમતિથી પારિત કરી શકે છે, એ સંસદસભ્યો વર્ષોથી સૈદ્ધાંતિક અને ટેકનિકલ કારણો આગળ ધરીને સર્વસંમતિ સાધી શકતા નથી. માત્ર ઇચ્છારાખનારનો અભાવ જ નહિ. પુરુષપ્રધાન વલણનો આ નમૂનો છે. આ દિશામાં 1919માં વલ્લભભાઇ પટેલે જે કામ કરી બતાવેલું એ પ્રસંગને તાજો કરવાની જરૂર છે.

સ્ત્રીઓ મ્યુનિસિપાલિટીની સભાસદ થઇ શકે એ માટેનો ઠરાવ 12 ડિસેમ્બર 1918ના રોજ મુંબઇ મ્યુનિસિપાલિટીમાં રજૂ કરવામાં આવ્યો. મુબંઇ શહેરના મ્યુનિસિપાલિટીના સભાસદોએ વાંધો ઉઠાવ્યો. સ્ત્રીઓ મ્યુનિસિપાલિટીમાં આવીને બેસશે તો ગૃહકાર્યને મોટો ધક્કો પહોંચશે. સ્ત્રીઓ તો ફકત ગૃહકાર્ય કરવા તથા છોકરાં ઉછેરવાને જ લાયક છે તેમને તો ચાર ભીંતોની વચમાં જ રહેવાની જરૂર છે જો તેઓ આવી બાબતોમાં ધ્યાન આપશે તો પુરુષો શું કરેશે ?[13] અમદાવાદની પરિસ્થિતિ સાવ જુદી હતી. સ્ત્રીઓ તેમના હકની બાબતમાં વધારે સક્રિય હતી. અમદાવાદ સ્ત્રી હોમરૂલની શાખાએ સ્ત્રીઓના હક માટે એક પ્રતિનિધિમંડળને વિલાયત મોકલવાની સાથે એવો પણ ઠરાવ કર્યો કે સ્ત્રીઓને સભાસદ થવાને આડે આવનારા મુંબઇ મ્યુનિસિપલ તેમજ લોકલ એકટમાં સુધારો કરવા સરકારનું ધ્યાન દોરવું.

વલ્લભભાઇએ અમદાવાદ મ્યુનિસિપાલિટીની સામાન્ય સભામાં એક મહત્ત્વની દરખાસ્ત રજૂ કરી. 13 માર્ચ 1919ની આ દરખાસ્તમાં સરદારે જણાવ્યું : 'બોમ્બ ડિસ્ટ્રીકટ મ્યુનિસિપલ એકટની કલમ 15(1) (સી) ને કારણે કોઇપણ સ્ત્રીથી મ્યુનિસિપાલિટીના સભ્ય બની શકાતું નથી. સમાજની અડધા જેટલી વસ્તી જો સ્ત્રીઓની હોય તો આવા ભેદભાવવાળા કાયદાને બદલી શકાય નહિ ? મને ખબર છે કે કાયદો બદલવાની સત્તા મ્યુનિસિપાલિટી પાસે નથી. જો બધી જ મ્યુનિસિપાલિટીઓ અન્યાયી કાયદાને બદલવાની માગ કરે તો ચોક્કસ સરકારને પુન : વિચારણા કરવા ફરજ પડે. આથી આપ સહું સભ્યો ટેકો આપશો. વલ્લભભાઇની આ દરખાસ્તને સહુ સભ્યોએ વધાવી લીધી અને એક જ સૂરે પાસ કરી.'[14]

24 એપ્રિલ 1934માં જયોતિસંઘ નામની સ્ત્રી સંસ્થા અમદાવાદમાં સ્થાપવામાં આવી. આ સંસ્થા સ્થાપવા પાછળનો હેતુ ગાંધીજીનો એ હતો કે બહેનોની શકિતને જગાડીને સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડવી. જયોતિસંઘની બહેનો ગરીબોના ઘરોમાં જાય ને શહેરની બહેનો ગામડા તરફ વળે, ગરીબ અશિક્ષિત બહેનો તરફ વળે. અને એક સેતુ સંધાય પરંતુ સરદાર વલ્લભભાઇને જયોતિસંઘનું માળખું બિલકુલ પસંદ નહોતું.

સરદાર વલ્લભભાઇએ દીર્ઘદષ્ટિ સૂચક મૃદુલાબેહન સમક્ષ વિધાન કર્યું હતું કે 'હજી ગઇ કાલે ઝેરી પીને સ્ત્રી મરી ગયાની હકીકત સાંભળી છે, તો સ્ત્રીઓનું બીજું કોઇ મંડળ કરવું હોય તે કરો. પિકેટિંગ, દારૂબંધી, વિદેશી કાપડની હોળીઓ વગેરે કાર્યક્રમથી સ્ત્રીમંડળ ચાલી શકે નહી કાં તો કોગ્રેસમાં ભળી જાવ.[15]

ટૂકમાં સરદાર વલ્લભભાઇ એવું કહેવા માગતા હતા કે સમાજમાં સ્ત્રી સમસ્યાઓ ઘણી છે, જેવી કે સ્ત્રીઓનું સ્થાન, સ્ત્રીઓને થતા અન્યાયો, બળાત્કાર, કાઢી મૂકવું, છૂટાછેડા. જયોતિસંઘ કયો ધ્યેય પકડશે ? પરિણામે રચનાત્મક કાર્યક્રમ કરતી શાખા ખાદીમંદિરનો જન્મ થયો. સરદારના ઉપરોકત વિધાન પરથી આપણે સમજી શકીએ કે તેઓ સ્ત્રીઓના પ્રશ્નો અને સમસ્યાઓની કેટલી ચિંતા કરતા હશે.

શહેરમાંતો કન્યા કેળવણીની શરૂઆત થઇ હતી. એ ખરું પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં પરિસ્થિતિ વિપરિત હતી. સરકારે 1924માં ગુજરાતની ગ્રમીણ પાઠશાળાઓનું સર્વેક્ષણ કર્યું તે વખતે ગણીગાંઠી શાળાઓ ગામડાઓમાં હતી. આશ્ચર્યની વાત તો એ હતી કે આ ગણીગાંઠી શાળાઓમાં એક પણ કન્યાછાત્ર નહોતી.[16] વલ્લભભાઇ આ સ્થિતિથી વાકેફ હતા. નડિયાદમાં વિઠ્ઠલકન્યા વિદ્યાલયની સ્થાપના દ્વારા આસપાસના ગામડાંઓની છોકરીઓને શિક્ષણ મેળવવાની વ્યવસ્થા કરવામાં આવી. આ સંસ્થાની પ્રવૃતિ પર સરદારની નજર રહેતી જયારે એમને ખબર પડી કે સંસ્થાને ચલાવવા માટે કરજ લેવું પડે છે. ત્યારે 18 એપ્રિલ 1947ના રોજ રાવજીભાઇ મણિભાઇ પટેલને જણાવ્યું કે, ‘વિદ્યાલયનું કામ કરજ લઇને ચલાવવું પડે એ સ્થિતિ અસહ્ય ગણાય. તમારે બીજા બધા કામ પડતા મૂકી ફકત આજ કાચમાં બધો વખત આપી આર્થિક સંકટમાંથ મુકત કરવું જોઇએ.'[17] કન્યા કેળવણીનું કામ સારી રીતે ચાલે એ માટે સંસ્થા આર્થિક રીતે મજબૂત હોવી જોઇએ. તે માટેના સર્વ પ્રયત્નો વલ્લભભાઇ કરતા આદિવાસી વિસ્તારોમાં આશ્રમ શાળાઓ દ્વારા ચાલતા કામ પર સરદાર પટેલ વખતોવખત સલાહસૂટન આપતા.

રાકીય લડતોની સભાઓમાં જયાં પણ માંકો મળે ત્યાં સમાજમાં ફેલાયેલી અંધશ્રદ્ધા-વહેમો વિગેરેને દૂર કરવા માટે માર્ગદર્શન પુરું પાડતા. બાળલગ્નની પ્રથાનો વિરોધ કરતા. વિધવાઓ દ્વારા થતા પુનઃલગ્નોને આવકારતા. મરણપાછળ થતા જમણોની નિંદા કરતા અને રાષ્ટ્રીય આંદોલનમાં સ્ત્રીઓને હિસ્સો લેવા માટે પ્રોત્સાહિત કરતા. ધોળકાના ખેડૂતો સમક્ષ

1921માં કહ્યું કે, 'જો મારી સત્તા હોય તો બાર તેર વર્ષની બાળાઓને જે પરણાવે છે તેને બંદૂકથી મારવાના કે ફાંસીને લાકડે લટકાવવાનો કાયદો કરાવું.'

ડિસેમ્બર 1929માં સરદાર પટેલ બિહારના પ્રવાસે ગયેલા ત્યારે તેમને સાંભળવા માટે હજારો ખેડૂતો આવ્યા હતા. સરદાર પટેલે બિહારની સમસ્યાઓ જેવી કે જમીનદારોનું શોષણ, કિસાનોની લાચારી, સ્ત્રીઓને પડદા પાછળ રાખવી, અસ્પૃશ્યતા, જેવા વિષયો પર ભાષણો આપ્યા હતા. તેમણે તેમના એક ભાષણમાં સ્ત્રીઓને પડદા પાછળ રાખવાના અન્યાયની સામે તેમણે કહ્યું હતું કે :

'તમને શરમ નથી કે તમે તમારી સ્ત્રીઓને પડદામાં રાખીને પોતે જ અર્ધાંગવાયુથી (લકવાથી) પીડાઓ છો ? એ સ્ત્રીઓ કોણ છે ? તમારી મા,બહેન, પત્ની. એમને પડદામાં રાખીને તમે માનો છો કે તમે એમના શિયળની રક્ષા કરી શકશો ? એમનો એવડો અવિશ્વાસ શો ? કે તમારી ગુલામી એઓ બહાર આવીને જુએ એથી તમે ભડકો છો ? તમે એમને ગુલામ પશુડી જેવી રાખી છે, એટલે એમની ઓલાદ તમે પણ ગુલામ પશું જેવા રહ્યા છો. બારડોલીમાં મેં લોકોને કહેલું કે તમારાં બૈરાંને મને મળવાની અને વાતો કરવાની છૂટ ન આપો તો મારે સત્યાગ્રહ નથી કરાવવો. બૈરાં સમજી ગયાં, સભામાં આવવા લાગ્યાં, અને થોડા વખત પછી તો સભામાં પુરુષો જેટલી જ સ્ત્રીઓ આવતી હતી. તમારાં બૈરાંને જઇને હું કહું છું તે સંભળાવજો અને કહેજો કે ગુજરાતથી એક ખેડૂત આવ્યો તે વાત કરતો હતો કે તમે બહાર ન નીકળો તો આપણે માટે કદી સુખ નથી. મારું જો ચાલતું હોય તો બધી બહેનોને કહું કે આવા બીકણ અને બાયલાઓની સ્ત્રીઓ બનવા કરતાં એમને છેડા ફાડી આપોની'.[18] સરદાર પટેલના બિહારના ઉપરોકત ભાષણ ઉપરથી આપણને લાગે કે અન્ય રાજયમાં જઇને આટલી નીડરતાથી બોલવું કંઇ સામાન્ય નહોતું અને તે માત્ર સરદાર જ બોલી શકે. આજના નેતાઓનું કામ નહી.

નારી જાગૃતિ વિષે સરદાર પટેલે અનેક સ્થળોએ જુદાજુદા સમયે લોકોને સમજ આપી જેના કેટલાક મહત્વના મુદ્દાઓ અહી રજુ કરું છું

1 ધરમના નામે કુમળી વયના બાળકોનાં લગ્ન કરાવનાર બ્રાહ્મણ નથી પણ રાક્ષસ છે.

2 છોકરીઓને અઢાર વર્ષની અંદર ના પરણાવો. અંગ્રેજની બાવીસ-પચ્ચીસ વર્ષની કુવારી છોકરી હોય છે તે આપણા ગામમાં દવાખાનું કાઢીને બેઠી હોય છે. નાની બાળઓ ઉપર સ્ત્રીઓ બધો બોજ નાખી તેને કચડી નાખો નહી. તે કુમળુ ફૂલ છે, ખીલતી કળી છે.

3 સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ પેદા થાય. તે પોતાનું ઉચિત સ્થાન પ્રાપ્ત કરે એ જરૂરી છે.

4 બહેનો ! તમે અબળા છો-કમજોર છો, એવું શા માટે માનો છો ? તમે તો શકિતનો અવતાર છો. માતા વગર કોઇ પુરુષનો જન્મ થયો છે ? એટલા માટે તમે આ તમારી હીનતાનો ત્યાગ કરો.[19]

5 સ્ત્રીઓ પર વિશ્વાસ અને પ્રેમ રાખવો, સ્ત્રીઓ પ્રત્યેનો પુરુષોએ વ્યવહાર સુધારવો અને ભાષા પણ સંયમ અને વિવેકથી વાપરવી. જો સ્ત્રીઓ સાથે આવો વ્યવહાર થશે તો વીર સંતાનોને સ્ત્રીઓ જન્મ આપશે.

ભારતીય નારી માટે બંધારણમાં સમાનતાની ઘોષણા એ એક મોટી ઉપલબ્ધિ છે. એ ખરૂં પરંતુ, સ્વરાજય મળ્યા પછી પણ સ્ત્રીઓના પ્રશ્નો ઉકલી ગયા છે ? સ્ત્રીઓને યોગ્ય સ્થાન મળ્યું છે ? વલ્લભભાઇએ તો કહ્યું જ હતું કે સ્વરાજય આવશે ત્યારે સ્ત્રીઓના પ્રશ્નનો ઉકેલ થઇ જશે એ માન્યતા બરાબર નથી. 21મી સદીના પ્રગતિશીલ સમાજમાં હજી પણ સ્ત્રીને યોગ્ય સ્થાને બેસાડવામાં આવી નથી અને તેથી વલ્લભભાઇની દષ્ટિથી સાચા અર્થમાં સ્વરાજય મળ્યું નથી.

## પાદટીપ :

1 ગુપ્ત,વિશ્વપ્રકાશ ઔર ગુપ્ત મોહિની, સરદાર વલ્લભભાઇ પટેલ, વ્યકિત ઔર વિચાર રાધા પબ્લિકેશન, ન્યુ દિલ્હી. 2006, પૃ-213 (15-6-1938)

2 દેસાઇ, નીરા, ભારતીય સમાજ મેં નારી, મેકમિલન ઇન્ડિયા, ન્યૂ દિલ્હી – પૂ – 45

3 એજન, પૃ – 88

4 એજન, પૃ- 142.

5 મહેતા, શિરીન, ગુજરાતમાં નારીચેતના, દર્શક ઇતિહાસ નિધિ, અમદાવાદ, 2009, પુ – 269.

6 ગાંધી એમ. કે, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ – 286

7 ગાંધીજી, (સંપાદક-લલ્લુભાઇ મકનજી), સ્ત્રીઓ અને સ્ત્રીજીવનની સમસ્યાઓ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, 2007, પૃ – 5-6 (સંપાદકીય નોંધ)

8 ગાંધી, રાજમોહન, (અનુ.નગીનદાસ સંઘવી), સરદાર પટેલ એક સમર્પિત જીવન, નવજીવન પ્રકાશન મદિર, અમદાવાદ, 2010,પૃ – 35.

9 એજન, પૃ – 37.

10 પટેલ, મણીબેન વલ્લભભાઇનો લેખ, અમે બાપ દીકરી, સરદાર શતાબ્દિ સમારક ગ્રથ – 1, ગુજરાતી વિભાગ, સંપાદક, જશવંત શેખડીવાળા, સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર, 1976, પૃ – 91

11 યાજ્ઞિક, ઇન્દુલાલા, આત્મકથા, ભાગ-2, પ્રકાશક, અરુણાબેન મહેતા મેમોરીયલ ટ્રસ્ટ, વડોદરા, 2011 પૃ – 39.

12 એજન, પૃ – 40.

13 કાદરી, રિઝવાન, સરદાર પટેલ એક સિંહપુરુષ, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, 2003 પૃ – 63.

14 એજન, પૃ – 64.

15 મહેતા, શિરીન, ઉપરોકત પૃ – 200.

16 દેસાઇ, નીરા, પૂર્વોક્ત, પૃ – 140.

17 પટેલ, મણિબેન, સરદારશ્રીના પત્રો, ભાગ-2, તૃતિય આવૃતિ, 1981 સરદાર સ્મારક ભવન, અમદાવાદ, પૃ – 56

18 ભટ્ટ સિદ્ધાર્થ નરહરિ, સરદારની વિચારસૃષ્ટિ, પૃ – 127-128

19 ગુપ્ત, વિશ્વ પ્રકાશ ઔર ગુપ્ત મોહિની, સરદાર વલ્લભભાઇ પટેલ, વ્યકિત ઔર વિચાર રાધા પબ્લિકેશન, ન્યુ દિલ્હી, 2006, પૃ – 211-213.